<u>તારાંકિત પ્રશ્ન</u> <u>ક્રમાંક: પ્ર/</u>

# ગુજરાત વિધાનસભા સચિવાલય

તારાંકિત પ્રશ્ન ક્રમાંક: 15/3/381

વિષય:

મુલાસણા ગામમાં ગેરકાયદેસર બાંધકામ

સૂચના મળ્યાની તારીખ: 02/09/2023 06/09/2023 04/09/2023

*15/3/381 શ્રી દિનેશભાઈ આતાજી ઠાકોર(ચાણસ્મા)

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ શહેરી વિસ્તાર સત્તામંડળ (ઔડા)ની હદમાં ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના મુલાસણા ગામની જમીનોમાં બાંધકામ અંગે મંજુરીઓ, વિકાસ પરવાનગી લીધા સિવાય કે પ્લાન-નકશાઓ મંજુર/પાસ કરાવ્યા સીવાય ગેરકાયદેસર બાંધકામ ચાલતું હોવા અંગેની કેટલી ફરીયાદો સરકારને મળી,

(૨) મળેલ ફરીયાદો અન્વયે કયારે કોના દ્વારા સ્થળ તપાસ કરવામાં આવી,

(૩) ઉકત તપાસ દરમ્યાન કોના દ્વારા કેવા પ્રકારનું ગેરકાયદેસર બાંધકામ કર્યાનું કે ચાલતું હોવાનું સામે આવ્યું, અને

(૪) તે અન્વયે ગેરકાયદેસર બાંધકામ કરનારા સામે શા પગલાં લીધાં?

----